सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૧૫/૦૭/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૨૪/૦૭/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૯ |

**<u>રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મુકામઃ રાજકોટ.</u>**

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૨૪૫૭/૨૦૨૬.</u>**
**આંકઃ ૦૭**

**<u>અરજદાર/આરોપી.</u>**

**વીકી રામભાઇ તરેટીયા,**
ઉ.વ. આ.૨૧, વ્યવસાયઃ મજુરીકામ.
રહે.અસ્હાબા પીર દરગાહ રોડ,
શાળા નંબર–૪૩ પાસે,
રાજકોટ.
**(હાલઃ સેન્ટ્રલ જેલ–રાજકોટ.)**

**–// વિરૂધ્ધ //–**

**<u>સામાવાળા.</u>**

**(૧) શ્રી સરકાર.**
**(૨) મુળ ફરીયાદી**

**બાબત: <u>માનવતાના ધોરણે જામીન અરજી.</u>**

---

**અરજદાર તરફે :– વિધ્વાન વકીલશ્રી જે.એમ.સભાડ.**
**સામાવાળા તરફે :– વિધ્વાન એ.પી.પી. શ્રી પી.કે.પટેલ**

---

## ચુ કા દો –

૧. રાજકોટ શહેર, ''બી''–ડિવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર : ૧૧૨૦૮૦૫૧૨૪૦૦૫૬/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૬ મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી માનવતાના ધોરણે દિવસ–૩૦ ના જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

૩. મુળ ફરીયાદીને નોટીસ કરતા તેઓ કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે અને અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા માટે લેખીતમાં આંક–૦૧ નીચે શેરો કરેલ છે.

૪. અરજદાર તરફે વિદ્ધાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદાર/આરોપીની તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ અટક કરેલ છે. આ ગુનાના કામે ચાર્જશીટ થઇ ગયેલ છે. અરજદાર ઉપર તેમના કુટુંબની જવાબદારી છે. અરજદાર સિવાય કોઇ પરીવારનુ ભરણપોષણ કરે તેવી વ્યકિત નથી. અરજદાર/આરોપીની આર્થીક સ્થીતી નબળી હોય અરજદારને નાણાંની વ્યવસ્થા કરવાની જરૂરીયાત છે. અરજદાર કોઇ પણ પુરાવા, સાહેદો કે સાક્ષીઓને હેમ્પર–ટેમ્પર કરશે નહી. અરજદાર/આરોપીનો ગુનાહીત ઈતીહાસ નથી. અરજદાર/આરોપી કયાય નાશી ભાગી જાય તેમ નથી.

અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદાર/આરોપીને વચ્ચગાળાના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૫. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર ગુન્હાનો આક્ષેપ છે. અરજદારને જામીન આપવામાં આવે તો નાસી–ભાગી જાય અને કેસની ટ્રાયલ દરમ્યાન હાજર ન રહેવાની પુરી શકયતા છે. કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર છે અને નાજુક તબકકા ઉપર છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઈ અરજદાર/આરોપીની વચ્ચગાળાની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૬. બંને પક્ષકારોને સાંભળ્યા. તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લેતા, આરોપીએ ફરીયાદીની દિકરી ભોગબનનાર જે સગીર વયની હોવાનુ જાણવા છતા આ કામના ફરીયાદીના પોતાના કાયદેસરના વાલીપણામાંથી ભોગબનનારને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીની સગીરવયની દિકરી સાથે બળજબરીથી અવાર–નવાર શરીર સંબંધ બાંધી ગુનો કરેલાનો આક્ષેપ છે. હાલનો આરોપી મુખ્ય આરોપી છે. ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષની છે. ફરીયાદપક્ષનો મહત્વનો પુરાવો રેકર્ડ કરવાનો બાકી છે. કેસ નાજુક તબકકામાં છે. આર્થીક નાણાંકીય વ્યવસ્થા કરવા માટે આરોપીની હાજરીની જરૂરીયાત જણાતી નથી. અરજદારના ઘરના પરીવારના અન્ય સભ્યો છે. આ કામે અરજદારની અરજી વંચાણે લેતા અરજદારે દિન–૩૦ માટે જામીન મુકત થવા માટે માનવતાના ધોરણે અરજી કરેલ છે. પરંતુ અરજદાર વિરૂધ્ધનો આક્ષેપ ધ્યાને

લેતા અરજદાર વિરૂઘ્ધ પોકસો એકટ હેઠળનો ગંભીર પ્રકારનો ગુન્હો નોંધાયેલ છે. અરજદાર/આરોપીને જો જામીન મુકત કરવામાં આવે તો નાશી–ભાગી જવાની શકયતા રહેલી છે અને ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેલ છે. અરજદાર/આરોપી વિરૂઘ્ધની ટ્રાયલ હાલમા પેન્ડીંગ હોય, જેથી તે તમામ સંજોગો અને કારણો ઘ્યાને લેતા અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતુ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–// **હુકમ** //–

(૧) આ કામના અરજદાર/આરોપી–**વીકી રામભાઇ તરેટીયા,** રહે.અસ્હાબા પીર દરગાહ રોડ, શાળા નંબર–૪૩ પાસે, રાજકોટ. વાળાની રાજકોટ શહેર, ''બી''–ડિવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર : ૧૧૨૦૮૦૫૧૨૪૦૦૫૬/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૬ મુજબના ગુનાના કામની માનવતાના ધોરણે દિન–૩૦ ના જામીન મેળવવા માટેની પ્રસ્તુત ફોજદારી પરચુ. અરજી નં.**૨૪૫૭/૨૦૨૬** આથી **નામંજૂર** કરવામાં આવે છે.

– આ હુકમ અંગે સંબંધકર્તા પોલીસ સ્ટેશનને તેમજ સંબંધિત અદાલતને યાદી કરવી.

હુકમ, આજ તારીખઃ **૨૪મી, માહેઃ જુલાઇ, સનેઃ ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૨૪/૦૭/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(અશ્વીનકુમાર કે. શાહ)
ઈ/ચા. એડિશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 00663)

//P.B.BHATT//